॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● વૈશાખ સુદ-૧૩ ● તા. ૨૪-૫-૨૦૨૧ ● સોમવાર SDP NO : 398 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન સંસ્કારધામ માં ૧૦ મો પાટોત્સવ સાદગીથી ઉજવાયો

ટ્રસ્ટીઓ અને હોદેદારો ની ખાસ ઉપસ્થિતિ માં સંસ્કારધામ. લક્ષ્મીનારાયણ મંદિર પાટોત્સવ....

સામજીભાઈ અમૃતિયા કલ્યાણ મુંબઈ દ્વારા ધ્વજારોહણ કાર્ય

તારીખ ૨૩/૦૫/ ૨૦૨૧ ના રોજ શ્રી લક્ષમીનારાયણ કેન્દ્રસ્થાન સંસ્કારધામ - દેશલપરનો ૧૦ મો વાર્ષિક પાટોત્સવ કોરોના મહામારી વચ્ચે સાદગીથી ઉજવવામાં આવ્યો હતો.

સવારના સ્વ. પાનબાઈ શામજી અમૃતિયા પરિવાર કલ્યાણપર, હાલે મુંબઈ નિવાસીના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના માર્ગદર્શક સંત સ્વામી વૃંદાવન વિહારી દાસજી તેમજ સંસ્થાના હોદેદારો ની ઉપસ્થિતિમાં ભગવાન પર અભિષેક વિધિ કરવામા આવી હતો.

ત્યારબાદ વિષ્ણુ યાગ યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં યજમાન પદે શ્રી મોહનભાઈ જે. ચોપડા, રમેશભાઈ બી. ધોળું અને અતુલભાઈ કે ભગત દંપતી રહ્યા હતા યજ્ઞના આચાર્યપદે મંદિરના પૂજારી જયદીપ મહારાજ રહી યજ્ઞ વિધિ સંપન્ન કરેલ હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી જેઠાભાઈ ચોપડા, ઉપપ્રમુખશ્રી ગંગારામભાઈ રામાણી અને ડો. પ્રેમજીભાઈ ઘોઘારી, ટ્રસ્ટીશ્રી કરસનભાઈ મેઘાણી અને મોહનભાઈ રામજીયાણી, ખજાનચીશ્રી કલ્યાણજીભાઈ છાભૈયા, સહ ખજાનચી શ્રી કિરીટભાઈ ભગત મંત્રીશ્રી પ્રોફેસર કે. વી. પાટીદાર ઉપસ્થિત રહ્યા હતા.

જય જય લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ..

કચ્છી માડુ નાં નામે બન્યું...સેન્ટ્રલ રેલ્વે નું "કલ્યાણ" સ્ટેશન

વર્ષો પહેલાં ઘણાં કચ્છીઓ માતૃભૂમિ થી પ્રયાણ કરી મુંબઇ ને પોતાની કર્મભૂમિ બનાવી.

રોજગાર મેળવવાં સન ૧૮૪૦ માં કચ્છ માંડવી નાં કલ્યાણજી શિવજી મુંબઇ આવ્યાં . ત્યારે દરિયો મસ્જિદ બંદર સુધી હતો. દરિયા વાટે આવતી બોટ કિનારાથી લગભગ ૩૦૦ મીટર દૂર ઉભી રહેતી.

મજદૂરો પ્રવાસીઓ ને ખભે બેસાડી કિનારે લાવતાં. કલ્યાણજી પણ આ મજદૂરી કરતો. તે આ કાળી મજુરી નાં ૧ પૈસા લેતો. જે દિવસે ૧૦ પૈસા થઇ જાય , તે દિવસે એકેય પૈસા લીધા વગર મફતમાં મજૂરી કરતો. આ તેની પોતાની ટેક હતી.

એક દિવસ રેલ્વે નાં નિરીક્ષક સર એન્ડરસન બોટ થી મુંબઇ આવ્યાં. કલ્યાણજી એ તેમને ખભે બેસાડી કિનારે લાવ્યો. સર એન્ડરસને કલ્યાણજી ને ચાર આણા આપ્યાં, પરંતુ તે દિવસે કલ્યાણજી ને ૧૦ પૈસા મળી ગયાં હતાં. પોતાની ટેક ની વાત કરી પૈસા લેવાનો ઇંકાર કર્યો.

સર એન્ડરસન ખુબ જ પ્રભાવીત થયાં. તેમને પોતાનું વિઝીટીંગ કાર્ડ કલ્યાણજી ને આપ્યું.

એક દિવસ કલ્યાણજી ને ખારાઇ કરવાનું મન થયું, તે પહોંચી ગયો સર એન્ડરસન ની ઓફીસે. તેઓ કલ્યાણજી ને જોઈ રાજી થયાં. તેમને કહ્યું કે આ કાળી મજુરી છોડી કોઈ સારું કામ કર.

તે વખતે રેલ્વે ટ્રેક પર માટી ભરવાનું કામ ચાલતું હતું. સર એન્ડરસને કલ્યાણજી ને આ કોંટ્રેકટ આપ્યો. કલ્યાણજી પાસે અનુભવ ન હતો, પણ હામ ભરી કોંટ્રેકટ સ્વિકારી લીધો.

સર એન્ડરસન વખતોવખત નિરીક્ષણ માટે જતાં, કલ્યાણજી ની કાર્ય પધ્ધતિ અને ઇમાનદારી જોઇ રાજી થતાં. તેઓ કલ્યાણજી ને કલ્યાણ નાં હુલામણા નામે બોલાવતા.

કલ્યાણજી એ નિર્ધારિત સમય થી ૬ મહીના પહેલાં કાર્ય પૂર્ણ કર્યું.

ભારત દેશ ની પ્રથમ ટ્રેન - બોરી બંદર થી થાને ની વચ્ચે ૧૬/૪/૧૮૫૩ નાં દોડી. ત્યારે થાના થી આગળ નાં સ્ટેશનો નાં નામકરણ બાકી હતાં. આ અવસરે એક અભિવાદન સમારંભ આયોજવામાં આવેલ. સર એન્ડરસને કલ્યાણજી ને ખંત, પ્રમાણીકતા અને ટેક ની સ્ટેજ પર વાત કરી, તેનું બહુમાન કર્યું અને આ સાચા માણસ ની યાદ માટે સેન્ટ્રલ રેલ્વે નાં પરા નાં સ્ટેશન ને કલ્યાણ નું નામ આપ્યું.

કચ્છવાસીઓ એ ખરેખર ગૌરવ લેવાં જેવી વાત છે. ખંત, ખમીર અને ઇમાનદારી થી કચ્છીઓ એ સમગ્ર વિશ્વમાં પોતાનું કાઠું કાઢ્યું છે.

લિ. નિલેશ શ્યામ શાહ
શ્રી કચ્છ પ્રવાસી સંઘ
રવિવાર તા.૨૩/૫/૨૧

જગત નો તાત, શુ ખેડૂત લૂંટારા છે...!!

- શૈલેષ સગપરિયા

'તાઉ-તે' વાવાઝોડા જેવી જ ગતિથી સોશ્યલ મીડિયામાં એક મેસેજ ફરી રહ્યો છે. 'કર્મના સિદ્ધાંત'ની વાત કરતા આ મેસેજમાં એવું કહેવામાં આવ્યું છે કે 'વાવાઝોડાના કારણે ખેડૂતોની નાળિયેરી પડી ગઈ કે કેરીઓ ખરી ગઈ એ બધું કર્મોનું જ ફળ છે કારણકે ખેડૂતો એ ૨૦ રૂપિયાના નાળિયેરના ૧૦૦ રૂપિયા અને ૪૦૦ રૂપિયાના કેરીના બોક્સના ૧૦૦૦ રૂપિયા ભાવ પડાવ્યા હતા એટલે ભગવાને એની નાળિયેરીઓ અને આંબાઓ ખતમ કરી દીધા.' લખનારાએ લખ્યું અને વાંચનારાએ વાંચીને આગળ ફોરવર્ડ પણ કર્યું.

શુ ખરેખર ખેડૂતો લૂંટારાઓ છે?

'જેને બાળકને જન્મ ન આપ્યો હોય એને સુવાવડની પીડા ક્યારેય ન સમજાય' એમ ખેડૂત બન્યા વગર કે ખેડૂતની ઘરે જન્મ્યા વગર એની પીડા ક્યારેય ન સમજાય. આપણને જે દેખાય એ જ સાચું ન હોય. મહામારીના સમયે ફળોના ભાવ આસમાને પહોંચ્યા એ સાચું પણ એના માટે ખેડૂતો જવાબદાર હતા ? સાહેબ, ખેડૂતોને તો પહેલા જે ભાવ મળતા હતા એ જ ભાવ મહામારી વખતે મળતા હતા ભાવવધારો વચેટિયાઓની દેણ છે ખેડૂતોની નહિ.

જો ખેડૂતો આમ જ ભાવ વધારો લઈને લોકોને લૂંટતા હોત તો બંગલામાં રહેતા હોત અને મોંઘી ગાડીઓમાં ફરતા હોત જ્યારે વાસ્તવિકતા તો એ છે કે રાત-દિવસની કાળી મજૂરી પછી પણ માંડ માંડ એટલું કમાય છે જેમાંથી ઘર ચલાવી શકે અને બાળકોને ભણાવી શકે. દીકરા-દીકરીના લગ્ન વખતે મોઢે ફીણ આવી જાય ત્યારે માંડ પ્રસંગ ઉકલે છે અને એ ખેડૂતોને આપણે ચોર કહીએ છીએ.

મેં મારી બાને સવારે ૪ વાગે ઉઠીને મોડી રાત સુધી કામ કરતા જોઈ છે. મારી ઉંમરના ગામડામાં ઉછરીને મોટા થયેલા સૌએ એના માતા-પિતાને સખત મહેનત કરતા જોયા હશે. આટલી મહેનત છતાં માંડ ઘર ચાલે એટલી ખેતીમાંથી કમાણી થાય છતાં ફરિયાદો વગર ઘર ચલાવ્યા રાખ્યું છે. ક્યારેક ક્યારેક તો રાત-દિવસની મહેનત પછી કોઈ પાક તૈયાર થવાની તૈયારી હોય અને કોઈ કુદરતી આપદાથી સંપૂર્ણ પાક નાશ પામે કે ભાવ સાવ ગગડી જાય અને પાક માર્કેટ સુધી પહોંચાડવાના ખર્ચ જેટલી પણ પાકની કિંમત ન ઉપજે ને પરસેવો પાડીને તૈયાર કરેલો પાક ફેંકી દેવો પડે ત્યારે એની પીડા કેવી થાય એ તો ખેડૂત બનીને ખેતી કરો તો સમજાય.

પેટ્રોલીયમ પેદાશોનું ઉત્પાદન કરતા દેશોએ જેવી રીતે મજબૂત સંગઠન દ્વારા આખી દુનિયાને પોતાના કબજામાં રાખી છે એવી જ રીતે જો ખેડૂતોનું મજબૂત સંગઠન બને તો ખબર પડે કે ખેડૂતોનું શુ મહત્વ છે ? કમનસીબે ખેડૂતોના સંગઠનો પણ ખેડૂતના હિત કરતા પોતાના અંગત હિતને ધ્યાનમાં લઈને જ કામ કરે છે. સમાજમાં દરેક પ્રકારના ધંધા-વ્યવસાયનું મહત્વ છે અને બધા એકબીજા પર નિર્ભર છે. એકબીજા વગર કોઈને ન ચાલે એ વાત સ્વીકાર્ય પણ બાકીનાની સરખામણીમાં ખેડૂતો જે સહન કરે છે એવુ અને એટલું બીજાએ સહન નથી કરવું પડતું કારણકે ખેડૂત જેટલું કુદરત પણ નિર્ભર બીજું કોઈ નથી.

જરા વિચાર તો કરો મિત્રો જેમણે પોતાના સંતાનોની જેમ આંબા, નાળિયેરી કે કેળને વર્ષોથી ઉછેરીને મોટા કર્યા હોય એની નજર સામે જ બધું જમીનદોસ્ત થઈને ખતમ થઈ જાય ત્યારે એનું હૃદય કેવું વલોપાત કરતું હશે. આવા કપરા સમયે ખેડૂતોના ઘા પર કોઈ મલમ ન લગાડી શકીએ તો કાંઈ વાંધો નહીં કમસેકમ મીઠું ભભરાવીને એની પીડા વધારવાનું પાપ તો ન કરીએ.

એક આરોગ્ય અભિયાન..મોટું ઘર જે ઘર નું ઘર - આઇસોલેશન સેન્ટર

મિત્રો,

સર્વે ક્ષેમકુશળ જ હશો..

સામાજિક દૂરી, માસ્કનો ઉપયોગ તેમજ સરકારશ્રીની ગાઈડલાઈનથી નિરોગી જ રહેવું છે.

આપણે જાણીએ છીએ કે વિશ્વ, આપણો દેશ અને આપણી સમાજ કોવિડ-૧૯ અને કોરોના સંક્રમણના દુષ્પ્રભાવથી પીડાઈ રહ્યાં છે , આ કપરા કાળમાં આપણી સમાજ સદૈવ સમાજ ઉપયોગી કાર્યમાં અગ્રેસર જ રહી છે, યુવસંઘની આપણી ટિમ હેલ્થ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સનાતન મેડીકોઝના માર્ગદર્શન અને ઉત્સાહી સમાજજનો સાથે ચિંતન વેબીનારમાં કોવિડ કેર આઈસોલેશન સેન્ટર આપણા સમાજ ભવનોમાં ઉભાં કરવાની પ્રેરણા મળી તે આનંદની વાત છે, ઘણાબધાં સમાજ ભવનોમાં કોવિડ કેર આઈસોલેશન સેન્ટર શરૂ પણ થઈ ગયાં છે.

આ ભગીરથ કાર્ય વધુને વધુ સમાજોપયોગી કેમ નીવડે તેને વધુ કઈ રીતે વેગ મળે અને હજુ પણ જરૂરિયાત હોય ત્યાં કોવિડ કેર સેન્ટર ની શરૂઆત થાય તે માટે દરેક સેન્ટરોનું વિવરણ ભારતભરની દરેક ઘટક સમાજના જન જન સુધી સરળતાથી પહોંચે એ હેતુથી નીચે આપેલ વિવરણને જ્યાં જ્યાં કોવિડ સેન્ટર ચાલુ હોય, ત્યાં ત્યાં આપણા વિસ્તારની કામગીરીનો અહેવાલ નીચે આપેલ વિવરણ / માહિતી મુજબ ભરીને આપશો. જેથી દરેક સમાજને ઉપયોગી થાય અને આ ભગીરથ કાર્ય દરેક સમાજોને પ્રેરણાદાયી થાય...

કોવિડ સેન્ટરનું નામ:

એડ્રેસ/સરનામું:

શહેરનું નામ:

Contact No.: (For Inquery Regarding Availability)

Normal Bed Capicity:

Oxygen Bed Capicity:

ઉપરોક્ત જાણકારી આપણી વેબસાઈટમાં આગામી દિવસોમાં જાહેર/ફ્લેશ થશે.

कर भला तो हो भला

બે દિવસમાં આ કાર્યને પૂર્ણ કરવું હોવાથી, આપ સર્વેના સાથ વગર આ કાર્ય અસંભવ છે.

A.B.K.K.P. યુવાસંઘ

ટિમ હેલ્થ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ.

આભાર...

ધન્યવાદ....

Thanks....

પીએમ મોદીએ તાબડતોબ યોજી બેઠક

'યાસ' સંકટ : કેન્દ્ર સરકાર એક્શનમાં

યાસ નો વ્યાપ ધરતી પર આવશે..

Cyclone Yaas : બંગાળની ખાડીમાં ઉદભવ્યુ વાવાઝોડુ યાસ, મંગળવાર કે બુધવારે ઓરિસ્સા - પશ્ચિમ બંગાળમાં ત્રાટકશે

બંગાળની ખાડીમાં સર્જાયેલ લો પ્રેશર , ડીપ્રેશનમાં ફેરવાઈ ગયુ છે . અને આજ સોમવાર ૨૪ મી મેના રોજ ડીપ્રેશન વાવાઝોડામાં પરિવર્તીત થઈ જશે . અને બંગાળની ખાડીમાં આગળ વધીને , આગામી મંગળવાર ૨૫ મે કે બુધવાર ૨૬ મી મેના રોજ ભારે ચક્રવાત સ્વરૂપે ઉતર ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળમાં ત્રાટકે તેવી સંભાવના છે . બંગાળની ખાડીમાંથી ઉદભવીને ઓરીસ્સા કે પશ્ચિમ બંગાળમાં ત્રાટકનારા ચક્રવાતને યાસ (Cyclone Yaas) નામ આપવામાં આવ્યું છે . યાસ વાવાઝોડાને પગલે, આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર સાથે સમિક્ષા બેઠક યોજી હતી.

કોરોના મહામારીના સમયે ત્રાટકનારા યાસ વાવાઝોડાને (Cyclone Yaas) કારણે સારવાર લઈ રહેલા દર્દીઓને સારવારમાં કોઈ વિક્ષેપ ઉભો ના થાય તે માટે યોગ્ય પગલા લેવાની તાકીદ કરવામાં આવી છે .

સુંદરતા મન ની હોય તો સઘળું સુંદર.....

1 પતિ સમઝદાર હો તો ,
મકાન જલ્દી બન જાતા હૈ,

2 પત્ની સમઝદાર હો તો,
ઘર જલ્દી બન જાતા હૈ,

3 દોનોં હી સમઝદાર હો તો,
ઘર મંદિર બન જાતા હૈ,

4 બચ્ચે ભી સમઝદાર હો તો,
ઘર સ્વર્ગ બન જાતા હૈ~

5 અગર માં-બાપ સાથ હો તો,
ઘર સ્વર્ગ સે ભી સુંદર બન જાતા હૈ..!!!

નખત્રાણા ખાતે "પાટીદાર કોવિડ કેર સેન્ટર"ની મુલાકાત લેતા નખત્રાણા તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રી રાજેશભાઈ આહિર તેમજ અબડાસા તાલુકા પંચાયત પૂર્વ ચેરમેનશ્રી મહેશોજી સોઢા સાથે સમાજ ના આગેવાનો...

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - સંચાલિત 'પાટીદાર કોવિડ કેર સેન્ટર' સ્થળ:- નખત્રાણા પાટીદાર કન્યા છાત્રાલય

====

"પાટીદાર કોવિડ કેર સેન્ટર" માટે મળેલ ભેટ ની વિગત.

જય લક્ષ્મીનારાયણ..
તા:-૨૩/૦૫/૨૧

₹ ૧૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી
સ્વ.મંગળાબેન મણિલાલ શામજીભાઈ ધનાણી
(તૃતીય પૂર્ણ તિથી નિમિત્તે ભેટ)
હ.પ્રવિણભાઈ શામજીભાઈ ધનાણી
(નખત્રાણા)

₹ ૫૦૦૦/-ના સહયોગી દાતાશ્રી
શ્રી મોહનલાલ નથુભાઈ વાસાણી
(વડવા કાયા)

₹ ૧૧૦૦/- ના સહયોગી દાતાશ્રી
શીતલબેન હરેશભાઈ પ્રવિણભાઈ ધનાણી
(નખત્રાણા)

₹ ૫૦૦ /- ના સહયોગી દાતાશ્રી,
રામ ભરોસે

સફરજન ૪૦ કિ. / મોસંબી ૫૦ કિ. / કેળા ૨૦ કિ. દાતાશ્રી,
શ્રી રાજેશભાઈ મંમુભાઈ આહિર
(પ્રમુખશ્રી, નખત્રાણા તાલુકા કોંગ્રેસ)
(જીંદાય, હાલે. ભુજ)

ઉપરોક્ત દાતાશ્રીઓનો શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવે છે.

નોંધ:- દાતાશ્રી ઓ આવકાર્ય છે
સંપર્ક:- શાંતિલાલ નાકરાણી
યુવાસંઘ, કચ્છ રિજીયન વાઈસ ચેરમેન
મો. ૯૪૨૮૪ ૭૦૭૭૨

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તા. ૨૨/૦૫/૨૦૨૧ શનિવાર

સ્વ. શ્રી કાનજીભાઈ નથુભાઈ રંગાણી
ઉમર : ૭૧ વર્ષ,
કચ્છમાં ગામ : રામપર-સરવા (નેત્રા)
હાલે : શિમોગા (દક્ષિણ કર્ણાટક)
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. જયેશભાઈ અમૃતભાઈ પારસીયા
ઉમર : ૩૦ વર્ષ,
કચ્છમાં ગામ : અમરત ફાર્મ, નિરોણા
હાલે : માધાપર, ભુજ (કચ્છ)

સ્વ. જયંતીલાલ દાનાભાઈ લીંબાણી
ઉમર : ૬૪ વર્ષ,
કચ્છમાં ગામ : મથલ
હાલે : હૈદરાબાદ
અવસાન કારણ : કોરોના સંક્રમણ

તારીખ : ૨૩/૫/૨૦૨૧ રવિવાર

સ્વ. અખેઈભાઈ હંસરાજભાઈ રામાણી
ઉમર : ૮૩ વર્ષ,
કચ્છમાં ગામ : પલીવાડ
હાલે : હિંમતનગર
અવસાનનું કારણ : કુદરતી, નૈસર્ગિક

સ્વ. શ્રી કાંતિભાઈ દેવજીભાઈ પદમાણી (ઘોડિયાવાળા)
ઉમર : ૬૬ વર્ષ,
કચ્છમાં ગામ : વિથોણ
હાલે : નરોડા, અમદાવાદ
અવસાન કારણ :
કોરોના સંક્રમણ બાદ અન્ય માંદગી

સ્વ. સવિતાબેન ચંદુભાઈ પાંચાણી
ઉમર : ૭૦ વર્ષ,
કચ્છમાં ગામ : નખત્રાણા-નવાવાસ
હાલે : ઘાટકોપાર, મુંબઈ

સ્વ. કસ્તુરબેન નરસીભાઈ વાઘડીયા
ઉંમર : ૬૧ વર્ષ,
કચ્છમાં ગામ : પાનેલી
હાલે : સુરત

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ

'I stand with Israel' દરેક ભારતીયે વાંચવા જેવું

'I stand with Israel'

'સોશિઅલ મિડિયા'માં આવાં 'મેસેજ' મૂકનારની, -જેરૂસલેમના એક યહુદી લેખક: બેન્જામિન રસેલએ કેવી ખિલ્લી ઉડાવી..

એ દરેક ભારતીયે વાંચવા જેવું છે.

(મૂળ અંગ્રેજીનો ગુજરાતી ભાવાનુવાદ: હની ઓબેરોય)

તમે ભારતીય લોકો મહેરબાની કરીને 'I stand with Israel' ('અમે ઈઝરાયેલની પડખે ઉભાં છીએ')..એવું લખવાનું બંધ કરો.

કારણકે

અમે અમારૂં યુદ્ધ એકલાં લડી લેનાર પ્રજા છીએ.. અમે 'ગેસ-ચેમ્બર્સ'ની રાખમાંથી (ફિનીક્સ પંખીની જેમ) ઉભી થયેલી પ્રજા છીએ.

તમારી જેમ કાકલુદી કરનાર પ્રજા નથી.

જે દિવસે અમને અન્ય દેશના પ્રજાજનના ટેકાની જરૂર પડશે..

તે દિવસે સમજી લેજો કે યહુદી પ્રજા લુપ્ત થઈ ગઈ..

અમે તમારા અરૂણાચલ પ્રદેશ જેટલો વિસ્તાર ધરાવીએ છીએ અને તમારાં કરતાં એક વર્ષ પછીથી સ્વતંત્ર થયાં છીએ..

છતાં વિજ્ઞાન અને 'ટેકનોલોજી'માં અમારે કોઈનો સહારો લેવો નથી પડતો.

અમે માત્ર યહુદી અને ઈઝરાયેલી છીએ..

તમારી જેમ પ્રાંતવાદી નથી. જાતિ અને પેટા જાતિઓમાં વિભાજીત નથી..

એટલે, અમને તમારા સડી ગયેલા ટેકાની જરૂર નથી.

અમે ૧૦૦ ટકા સાક્ષર પ્રજા છીએ;

અમારા નેતાઓ ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ હોય છે અને દેશને સમર્પિત હોય છે..

અભણ, અંગુઠાછાપ.. 'બોગસ ડિગ્રી'વાળા.. ઘાસચારો ખાઈ જનારા.. તમારા દેશના નેતાઓ જેવા અમારા નેતાઓ નથી..

તમારા 'બોગસ' નેતાઓ અમને 'સપોર્ટ' કરે કે ના કરે.. અમને કોઈ ફરક પડતો નથી.

સ્વતંત્રતા એ અમારાં લોહીનો DNA છે.

ઔરંગઝેબની તલવારના ડરથી વટલાઈ જનાર પ્રજા અમે નથી..

તમારો ઈતિહાસ તપાસો પછી અમને 'સપોર્ટ' કરવાં ઉભા રહો.

અમે દેશને પૂજીએ છીએ.

તમારી જેમ વ્યક્તિને કે વંશને નહીં..

અમારો એકલદોકલ નેતા જ નહીં,

અમારી સમગ્ર પ્રજા સિંહ છે.